# ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી

શ્રી અંબિકા મીલ્સ-ગુજરાત ચેમ્બર બિલ્ડીંગ, પો.બો.નં.૪૦૪૫, આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૯.
ફેક્સ નં.૦૭૯-૨૬૫૮ ૭૯૯૨/ ટે. નં. ૨૬૫૮ ૨૩૦૧/૨/૩/૪
ઈ-મેઈલ : gcci@gujaratchamber.org/ વેબસાઈટ : www.gujaratchamber.org


## વેપારી મહિલા પાંખ ચૂંટણી - ૨૦૧૭-૧૮

### ચૂંટણી અંગેની સૂચનાઓ

તા. ૯-૫-૨૦૧૭

૧. વર્ષ ૨૦૧૭-૧૮ માટે વેપારી મહિલા પાંખના ચેરપર્સન અને કો-ચેરપર્સનની ચૂંટણી યોજાશે. બંધારણના નિયમ ૩૫(આઇ)(૯) મુજબ ચાલુ વર્ષના સંદર્ભમાં આગલા વર્ષના કો-ચેરપર્સન નિવૃત્ત થતાં ચેરપર્સનની ખાલી પડેલી જગ્યાએ આપોઆપ ચેરપર્સન બનશે.

૩૫ (આઇ)

૨. દરેક વર્ષે વેપારી મહિલા પાંખ કાર્યકારી સમિતીના ૫ સભ્યો નિવૃત્ત થશે અને તેમની જગ્યા ખાલી જાહેર કરવામાં આવશે. ૨૦૧૭-૧૮ માટે વેપારી મહિલા પાંખમાંથી કાર્યકારી સમિતિના ૫ સભ્યો માટે ચૂંટણી યોજાશે.

૩૫ (આઇ)(૯)

૩. જે સભ્ય ચેમ્બરના વેપારી મહિલા સભ્ય તરીકે ઓછામાં ઓછા ત્રણ વર્ષ સભ્ય હશે તેવા જ સભ્ય વેપારી મહિલા પાંખ કાર્યકારી સમિતીમાં ચૂંટાવા માટેના ઉમેદવાર તરીકે લાયક ગણાશે. પરંતુ વર્ષ ૨૦૨૦-૨૧ની ચૂંટણી સુધી બિઝનેસ વિમેન વિંગમાં ૧ વર્ષ પૂર્ણ કરેલ સભ્યોમાંથી કોઇ પણ સભ્ય મહિલા પાંખ કાર્યકારી સમિતિમાં સભ્ય થવા ઉમેદવારી કરી શકશે.

૩૫ (આઇ)(૧૧)

૪. મહિલા પાંખના ચેરપર્સન અને કો-ચેરપર્સનની ચૂંટણી માટે મહિલા પાંખના તા. ૧-૪-૨૦૧૭ના નોંધાયેલા તમામ સભ્યો મત આપી શકશે.

૩૫ (આઇ)(૧૩)

૫. મહિલા પાંખના કો-ચેરપર્સનની ઉમેદવારી માટે મહિલા પાંખ કાર્યકારી સમિતિના સભ્ય તરીકે અગાઉ ૨ ટર્મ (૪ વર્ષ) તરીકે ચૂંટાયેલ સભ્યો જ યોગ્ય ગણાશે. પરંતુ વર્ષ ૨૦૨૦-૨૧ની ચૂંટણી સુધી આ યોગ્યતા ૧ ટર્મ (૨ વર્ષ) ગણવામાં આવશે.

૩૫ (આઇ)(૧૪)

૬. મહિલા પાંખના ચેરપર્સન અને કો-ચેરપર્સન પોતાના હોદ્દા ઉપર એક ટર્મ (૧ વર્ષ) થી વધુ સમય માટે સતત ચૂંટાશે અને/ અથવા નિમાશે નહીં.

૩૫ (આઇ)(૧૨)

૭. ઉમેદવારી કરનાર સભ્ય બહેને બીઝનેસ વિમન વિંગના મેમ્બર તરીકેના પુરાવા રજુ કરવાના રહેશે.

૮. ચાલુ વર્ષ (૨૦૧૭-૧૮)ના સંદર્ભમાં આગલા વર્ષની (૨૦૧૬-૧૭)ના ૩૧ માર્ચ સુધીમાં કરેલી સભ્યપદ માટેની અરજી જેને કારોબારી સમિતી દ્વારા ૩૧ માર્ચ સુધી ચેમ્બરના સભ્ય તરીકે મંજુર કરેલ હોય તેમને ચૂંટણીમાં મત આપવાનો રહેશે પરંતુ તેઓ ચાલુ વર્ષ (૨૦૧૭-૧૮)માં ઉમેદવારી કરી શકશે નહીં.

૯. આ ચૂંટણીમાં કોઈ સભ્ય કે સભ્ય સંસ્થાના પ્રતિનિધિ એક કરતાં વધારે જગ્યા માટે ચૂંટણી લડી શકશે નહીં.

૧૦. ઉમેદવારે એવું જાહેર કરવાનું રહેશે કે તેણે ચેમ્બરનું બંધારણ અને નિયમો બરાબર વાંચ્યા છે અને તે તેનાથી બંધાય છે અને તે તેનું પાલન કરશે અને તે બંધારણના નિયમો અનુસાર ઉમેદવાર તરીકે આ ચૂંટણી લડે છે તથા તે આવી ચૂંટણી માટેની જોગવાઈઓ અને નિયમોનું પાલન કરશે.

નોંધ : ચૂંટણીની તમામ પ્રક્રિયા ચેમ્બરના બંધારણ પ્રમાણે (૨૦૧૬માં થયેલ સુધારા સાથે) થશે જેની સૌએ નોંધ લેવી.

**ધર્મેન્દ્ર જોષી**
સેક્રેટરી જનરલ
ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી